# સાબરકાંઠા જિલ્લાની ૧૪૨ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર

## જિલ્લા ૧૨ તાલુકામાં ૭૮૯ સરપંચ અને ૧૧૮૮ વોર્ડ સભ્યો વિજયી બન્યા : ગામડાઓ અબિલ- ગુલાલના રંગે રંગાયા

હિંમતનગર, તા.૫

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ પછી તરત સાબરકાંઠા જિલ્લાની ૧૪૨ ગ્રામ પંચાયતોની ચુંટણીઓ જાહેર થતાં ગામડાઓમાં રાજકીય માહોલ જોવા મળ્યો હતો. તા. ૩ ફેબ્રુઆરીએ ચુંટણી યોજાયા બાદ આજે મંગળવારે મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં ૧૨ તાલુકામાં ૭૮૯ સરપંચ અને ૧૧૮૮ સભ્યો વિજયી બન્યા હતા.

સાબરકાંઠા જિલ્લાની ૧૪૨ ગ્રામ પંચાયતોની ચુંટણી જાહેર થયા બાદ સરપંચ અને સભ્ય પદ મેળવવા માટે ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. ગ્રામ પંચાયતો સમરસ થાય તે માટે વહીવટી તંત્રએ ભારે કવાયત હાથ ધરી હતી. પરંતુ તંત્રને માત્ર આઠ ગ્રામ પંચાયતો સમરસ બનાવવામાં સફળતા મળી હતી.



૩ ફબ્રુઆરીએ ૧૩૪ ગ્રામ પંચાયતના સરપંચો અને સભ્યો માટે ચુંટણી યોજાઈ હતી. જેમાં સરેરાશ ૮૦ ટકાથી પણ વધારે મતદાન થયા બાદ આજે મંગળવારે જિલ્લાના જે તે તાલુકા મથકોએ મતગણતરી હાથ ધરવામાં આવી. જેમાં ૭૮૯ સરપંચો અને ૧૧૮૮ વોર્ડ સભ્યો ચુંટાઈ આવ્યા હતા.

જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર તાલુકાની ૧૮ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઈ હતી. આજે સવારે હિંમતનગર ખાતે પોલીટેકનીક કોલેજની ગર્લ્સ હૉસ્ટેલમાં મામલદાર એ.એસ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી જે.ડી. પ્રજાપતિના રાહબરીમાં નાયબ મામલતદાર જશુભાઈ પટેલ (પુરવઠા), દેવેશભાઈ પટેલ( મહેસુલ) એ મતગણતરી હાથ ધરી હતી અને પહેલાં બોર્ડ સભ્યોના પરિણામ જાહેર કર્યા બાદ સરપંચ માટે ગણતરી હાથ ધરવામાં આવી હતી.

હિંમતનગર તાલુકાની પ્રથમ હરોળની પરબડા ગ્રામ પંચાયતના સરપંચ પદે બચુભાઈ બજાત ૧૫૦૮ મતોની સરસાઈથી વિજયી બન્યા હતા. જ્યારે સભ્ય પદે દાઉદભાઈ વિજાપુરા, રીઝવાનાબાનુ ખણસીયા, અબ્દુલભાઈ બલોચ ચુંટાઈ આવ્યા હતા. જ્યારે સલમાબાનું શૈયદ અને હસીનાબેન દાંત્રોલીયા બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. દેરોલ ગ્રામ પંચાયતમાં સરપંચ પદે નીકુબા ગગલા અને વકતાપુર સરપંચ તરીકે રામાભાઈ પરમાર જંગી મતોથી વિજયી બન્યા હતા. વિજેતા ઉમેદવારોના ભવ્ય સરઘસ નીકળ્યા હતા.

# પ્રાંતિજ તાલુકાના ૨૧ ગામોના સરપંચો ચુંટાયા

પ્રાંતિજ, તા.૫

પ્રાંતિજ તાલુકાની ગ્રામ પંચાયતોની ચુંટણીનુંપરિણામ ગઈ કાલે મતગણતરી બાદ આવી ગયુંહતું. ૨૧ ગ્રામ પંચાયતોમાંથી ૨ ગ્રામ પંચાયતમાં બીન હરીફ સરપંચ તખતગઢ અને રસુલપુરના ચુંટાયા હતા. જયારે અન્ય સરપંચોના પરિણામ આવતા લોકોના ટોળેટોળા અભિવાદન આપતા નજરે પડયા હતા. તેમજ કેટલાકે ચુપચાપ ચાલતી પકડી હતી.

પ્રાંતિજના ૧૯ ગામોના નવા વિજેતા બનેલ સરપંચોના નામ નીચે મુજબ છે. (૧) બોભા-ચેહરસિંહ પોડસિંહ રાઠોડ (૨) ગબેસરા-કનુસિંહ બલાજી ઠાકોર (૩) મહાદેવપુરા-બેજાબેન કેશરીસિંહ પરમાર (૪) વાઘરોટા-અસ્મિતાબેન મુકેશભાઈ સાવક (૫) કમાલપુર-નરેશભાઈ પટેલ (૬) વડવાસા-વિનુભાઈ પટેલ (૭) દલપુર-જસવંતજી ઉમેદજી સોલંકી (૮) જેતપુર-જહાબા રજીતસિંહ રાઠોડ (૯) બીલવા-મકવાણા રનાજી ફતાજી (૧૦) વદરાડ-મકવાણા સરદારસિંહ કાળુસિંહ (૧૧) કરોલ-પટેલ રમેશભાઈ શંકરભાઈ (૧૨) મેમદપુર-રાઠોડ પરશનબા જગદીશસિંહ (૧૩) ઝીંઝવા-મકવાણા પ્રવિણજી ચેહરજી (૧૪) અંબાવાડા-પટેલ વિમળાબેન મેરુભાઈ (૧૫) તાજપુર-પટેલ જશવંતભાઈ બહેચરભાઈ (૧૬) અદાના મુવાડા-ડાભી વિનુજી ચંદુજી (૧૭) સલાલ-ચૌહાણ લાલસિંહ પુંજસિંહ (૧૮) નનાનપુર-વણકર પુંજાભાઈ બેચરભાઈ (૧૯) બાલીસણા-ચૌહાણ ભલસિંહ કેશરીસિંહ. તમામ વિજેતા સરપંચો પોતાના ગામમાં પ્રવેશતા જ ગામ લોકોએ અબીલ-ગુલાલની છોળો ઉડાડી હતી તેમજ ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતાં.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ રેફરલ હોસ્પિટલમાં આજે સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો કેમ્પમાં જોડાયા હતાં. પ્રાંતિજની રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર કેમ્પ તેમજ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં તમામ નિષ્ણાંત ડોકટરો દ્વારા મફત સારવાર આપવાનાં આવી હતી. જેમાં સ્ત્રી રોગના નિષ્ણાંત ડૉ. જીનેશ રાઠોડ, ફીઝીશીયન ડૉ. પરિમલ ગોસ્વામી, જનરલ સર્જન ડૉ. ધર્મેશ ગોહિલ, હાડકાના રોગના નિષ્ણાંત ડૉ. એ.જે. વ્યાસ, બાળરોગ નિષ્ણાત ડૉ. હિતેષ પટેલ, ઈ.એન.ટી. સર્જન ડૉ. અજય મુલાણી, ચામડીના રોગના નિષ્ણાંત ડૉ. મેઘનાબેન કરીયા, દાંત રોગના નિષ્ણાંત ડૉ. નેહા જૈન તથા આંખના ડૉ. કોમલબેન ડામોર સહિત તમામ ડોકટરોએ ઉપસ્થિત રહી દર્દીઓને તપાસી સારવાર અને દવાઓ આપી હતી. આ કેમ્પમાં પ્રાંતિજ શહેર તેમજ આજુબાજુના ગામડાઓમાંથી લોકોએ ઉપસ્થિત રહી સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ. જીનેશ રાઠોડ, તાલુકા હેલ્થ ઓફીસર ડૉ. એચ.કે. રાઠોડ સહિત જિલ્લા તબીબી અધિક્ષક ડૉ. જે.એમ. ઉપેરીયા ઉપસ્થિત રહ્યા હતાં.
(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# સાપાવાડા ગામે બંધ મકાનનું તાળું તોડી સોના- ચાંદીના દાગીનાની ચોરી

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સાપાવાડા ગામે કોઈ અજાણ્યા ઈસમોએ બંધ મકાનના દરવાજાનું તાળું તોડી અંદરથી સોના-ચાંદીના દાગીનાની તથા કિંમતી વસ્તુઓ લઈ ગયાની ફરીયાદ ઈડર પોલીસ સ્ટેશને નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી વિગત અનુસાર ગત તા. ૨ ફેબ્રુઆરીથી તા. ૪ ફેબ્રુઆરી ૨૦૧૩ના બપોરે ૧.૦૦ વાગ્યા સુધીમાં સાપાવાડા ગામે કોઈ ચોર બંધ મકાનનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરમાં મુકેલ તિજોરી તોડી નાંખી અંદર મુકેલા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી રૂપિયા ૬૫૦૦૦ની ચોરી કરી ગયેલાની ફરિયાદ નોંધાવા પામી છે. આ તપાસ પો.સ.ઈ. કે.પી. મકવાણા કરી રહ્યા છે. જેઓએ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગરમાંથી બિનવારસી બાઈક મળ્યું

હિંમતનગર શહેર ખાતે આવેલી જુની વાવ પાસેથી આજ રોજ ૧૧ વાગેના સુમારે બિનવારસી બાઈક પડી રહેલ હોઈ ત્યાંના વેપારીઓએ હિંમતનગર ટાઉન પોલીસને જાણ કરી હતી. બિનવારસી બાઈક નં. જીજે-૯. સી.ઈ.-૬૭૯૯ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતના વાતાવરણમાં પલટો થતા રવિપાકોને નુકશાન

મહેસાણા, તા.૫

ઉત્તર ભારતના કાશ્મીરમાં ભારે હિમ વર્ષા થતાં તેમજ ગુજરાતના કેટલાક ભાગોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વાદળછાયું હવામાન રહેતાં વાતાવરણમાં અચાનક પલટો આવતાં મહેસાણા જિલ્લામાં પુનઃ હવામાન ઠંડુ થયું છે. હવામાનમાં અચાનક થયેલ પલટાથી મહેસાણા જિલ્લાના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ થયો હતો. જેથી રવિપાકો જેવા કે, જીરૂ, વરિયાળી, ઈસબગુલના પાકોને થોડું નુકશાન થવાની ભીતિ પેદા થઈ છે.

આ વિસ્તારમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી આકાશમાં વાદળો છવાયેલા રહેતાં ઠંડીનું જોર ઘટી ગયું હતું. અને દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થવા માંડયો હતો ત્યાં સોમવારે મોડી સાંજે અચાનક કમોસમી હળવા વરસાદને પગલે વાતાવરણમાં ફેરફાર થતાં પુનઃ ઠંડીનું જોર વધી ગયું છે. બીજું કાશ્મીરમાં હિમવર્ષા થવાથી તેની સીધી અસર અહીં પડી છે. હવામાનમાં થયેલ પલટાને કારણે રાયડો, ઘઉં, મેથી, રાજગરો જેવા પાકોને ફાયદો થયો હોવાનું પણ કહેવાય છે.

## તલોદ તાલુકામાં ગ્રામપંચાયતોની ચૂંટણીમાં સરપંચો વિજય થયા

તલોદ, તા. ૫

તલોદ તાલુકામાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૧૦ જેટલી ગ્રામ પંચાયતોના વિજેતા સરપંચો મોટા ચેખલા - નારણભાઈ નાગરભાઈ જેવા મોટા ચેખલા સેવા મંડળના મંત્રી છે.

નાના ચેખલા - રાજેશકુમાર જીવણભાઈ પટેલ, સલાટપુર - જશુભાઈ નારણભાઈ પટેલ, રોઝટ- જસવંતસિંહ બાપુસિંહ ઝાલા, કાબોદ્રી - મહેન્દ્રસિંહ ભવાનસિંહ પરમાર, દૌલતાબાદ - જગતસિંહ સરદારસિંહ સોલંકી, બાલીસણા - નવલસિંહ ઈશ્વરસિંહ મકવાણા વગેરે વિજેતા થયેલ છે.



બટાટા નગર તરીકે વિખ્યાત ડીસા શહેર તેમજ આસપાસના પંથકમાં મોટા પાયે બટાટાનું વાવેતર થવા પામ્યું છે. પૂરતા પ્રમાણમાં પાણી અને અનુકુળ વાતાવરણ તેમજ પુરતું ખાતર મળી રહેવાથી ડીસા પંથકમાં બટાટાનું બમ્પર ઉત્પાદન થવાની સંભાવના જોવા મળી છે. ખેડૂતોએ ખેતરમાં ટ્રેકટર મારફતે બટાટા નીકાળવાની શરૂઆત કરી દધી છે. ખેતરમાંથી બટાટાને કાઢીને ધોવા અર્થે લઈ જતા હોય છે ત્યારબાદ વેચાણ અર્થે માર્કેટયાર્ડમાં ખેડુતો બટાટા લઈ જાય છે. ઠંડીના ચમકારા વચ્ચે પણ ખેડુતો પોતાનું કાર્ય કરી રહ્યા છે. આ બાબતે ખેડુત અમૃતલાલ લોધાએ જણાવ્યું કે બટાટા કાઢવાની તૈયારીઓ પૂર જોશમાં છે. અહીંના બટાટાની માંગ એશિયાભરમાં છે તેમજ કોલ્ડ સ્ટોરેજમાં બટાટા સંગ્રહ કરવાની શરૂઆત થઈ જવા પામી છે.
(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

## તલોદ તાલુકા બાર એસોસીએશનનાં હોદ્દેદારોની વરણી

તલોદ, તા. ૫

તલોદ તાલુકા બાર એસોસીએશનના હોદ્દેદારો બીન હરીફ ચૂંટાયા છે. પ્રમુખ તરીકે ઝાલાવાવડીવાળા ચૂંટાયા છે. સેક્રેટરી રીતેષભાઈ પટેલ, મોતેસરીવાળા, જોઈન્ટ સેક્રેટરી પંકજભાઈ ચૂંટાયા છે.

તાલુકો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી બાર એસોસીએશનના હોદ્દેદારો સર્વાનુમતે બીનહરીફ વરણી થયેલ છે. પૂર્વ પ્રમુખ વકીલ ઝાલા મનહરસિંહ જણાવેલ છે. તલોદ તાલુકાનાં વકીલોની સંખ્યા વિશેષ હોવા છતાં મંડળમાં એકતા જળવાઈ રહે છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮